અપીલ અરજી નં.૪૩૬ તા.૧૦–૩–૧૦

અરજદારઃ– શ્રી અરૂણકુમાર એસ. દેસાઈ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણકુમાર એસ. દેસાઈની તા.૨૫–૧–૧૦ ની અરજીથી સર્વે નં.૧૩૬/૧ પૈકીની જમીન ઉપર છેલ્લાં ૩ વર્ષથી થયેલ બાંધકામ અંગેની વિગતો તિવારીનગર,ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૬/૨૦૦૯–૧૦

શ્રી અરૂણકુમાર એસ. દેસાઈની તા.૨૫–૧–૧૦ ની અરજીથી સર્વે નં.૧૩૬/૧ પૈકીની જમીન ઉપર છેલ્લાં ૩ વર્ષથી થયેલ બાંધકામ અંગેની વિગતો તિવારીનગર,ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૮ તા.૧૦–૨–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૧ તા.૧૯–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલમાં જાહેર માહિતી અધિકારીના તા.૧૦–૨–૧૦ ના પત્રની માહિતી પછી શું નારાજગી છે? કઈ બાબતે? તે અંગે આધારસહ વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૦–૩–૧૦ ના પત્રમાં અમોએ માંગેલી માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તે જ નારાજગી છે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૨૦૪ તા.૭–૪–૧૦ થી અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારે આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક/૫૮ તા.૧૦–૨–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૫–૧–૧૦ ની અરજીથી દુધનાથ રાજારામ તિવારીની પત્ની રામદુલારી તેની મિલ્કત કે જે સર્વે નં.૧૩૬/૧ પૈકી જુના પેટ્રોલ પંપની ગલી, રામજી મંદિર પાસે, તિવારીનગર, ઉધના, સુરતવાળી જમીન ઉપર ચાલતાં બાંધકામ અંગે જો કોઈ પ્લાનને મંજુરી આપવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલની માહિતી જે જમીન ઉપર છેલ્લાં ૩ વર્ષ ૨૦૦૭ –૧૦ માં જે કોઈ બાંધકામ થયા હોય અથવા ચાલુ હોય તો તેવા થયેલા અથવા ચાલુ બાંધકામ અંગે પ્લાન મંજુર થયો છે? બાંધકામની મંજુરી આપવામાં આવી છે? અને જો આ તમામ ગેરકાયદેસર હોય તો તેવી ગેરકાયદેસરતા અટકાવવા બીપીએમસી એકટ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે? આ વિગતો અંગેની માહિતી પૂરી પાડવા અરજી સાથે બીડેલ પત્રમાં જણાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૮ તા.૧૦–૨–૧૦ થી સદર અરજી અંતર્ગત અન્વયે ઉપલબ્ધ રેકર્ડ અનુસાર જણાવવાનું કે મોજે ઉધનાના રે.સ. નં.૧૩૬/૧ માં થયેલ બાંધકામોની વિગતો ઉપલબ્ધ નથી. વધુમાં ચાલુ બાંધકામો અટકાવવામાં આવેલ છે તેમજ નિયમોનુસારની મંજુરી મેળવી લેવાનું જણાવવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્રની નકલ જોડાણ કરી અપીલ અરજી તા.૧૦–૩–૧૦ ના રોજ કરવામાં આવેલ છે. જે બાબતે મળેલ જવાબ અંગે શું નારાજગી છે ? અને કઈ બાબતે? આધાર જણાવવા જણાવવામાં આવેલ. અરજદારે તે સ્પષ્ટ નહીં કરતાં ફકત માંગેલ માહિતી પૂરી પાડેલ નથી. તે જ નારાજગી છે. તેવું જણાવેલ છે. પરંતુ કોઈ આધાર કે નારાજગીની સ્પષ્ટતા કરેલ નથી તેમજ કઈ માહિતી મળેલ નથી તે બાબતે પણ જણાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામાં ડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અંગે બાંધકામોની વિગતો ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે સાથે અટકાવેલ બાંધકામ અંગે મંજુરી મેળવી લેવા જણાવ્યાનું પણ જણાવેલ છે તે સૂચવે છે કે મિલ્કતદારે બાંધકામની મંજુરી મેળવેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ દફતરી હકીકતે પૂરી પાડેલ જણાય છે. જેથી અરજદારની અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણકુમાર એસ. દેસાઈ